## પોલીસ કમિશનરે બંદૂક નહીં રંગોની પિચકારીઓ ચલાવી





■ અડાજણ ખાતે આવેલા જીવન વિકાસ ટ્રસ્ટના દિવ્યાંગ બાળકો સાથે સુરત પોલીસ કમિશનર અશોક ગેહલોતે તેમની પત્ની સાથે હોળી-ધુળેટીની ઉજવણી કરી હતી. જ્યારે સુરતની કોલેજોમાં પણ વિદ્યાર્થીઓએ મન મૂકીને હોળીની મજા માણી હતી. **(તસવીરઃ સતીષ જાદવ)**

**લોકસભાની ચૂંટણીનો સોદો કે ભાજપ પ્રવેશની તૈયારી?**

# સુરતના સાંસદને બિનહરીફ જીતાડનાર નિલેશ કુંભાણી CR પાટીલ સાથે દેખાયા

**રાજુલામાં** યોજાયેલા જળ સંમેલન બાદ પાટીલ સીધા કુંભાણીની ફેક્ટરીએ પહોંચ્યા



સુરતઃ સુરતના સાંસદને બિનહરીફ જીતાડનાર કોંગ્રેસના સસ્પેન્ડેડ નિલેશ કુંભાણી હવે સત્તાવાર રીતે ભાજપમાં જોડાશે કે નહીં તે અંગે સસ્પેન્સ વધ્યું છે. રાજુલામાં તેમની ફેક્ટરી પર સી.આર.પાટીલની હાજરી અને બંનેનો હાથમાં હાથ નાખી ફરતો વિડીયો વાયરલ થતાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. કુંભાણીએ દાવો કર્યો કે આ માત્ર શુભેચ્છા મુલાકાત હતી પરંતુ રાજકીય વર્તુળોમાં આ મુલાકાતને ભાજપ પ્રવેશની પૂર્વતૈયારી તરીકે જોવામાં આવી રહી છે. ભાજપમાં જોડાવાની શક્યતા અંગે પૂછતાં કુંભાણીએ કહ્યું કે, "હાલ કોઈ નિર્ણય કર્યો નથી, કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે ચર્ચા કરીને વિચારશું." તેમનું આ 'વિચારશું' નિવેદન રાજકીય સંકેત તરીકે લેવામાં આવી રહ્યું છે. કુંભાણીની ફેક્ટરી પર દિલીપ સંઘાણી સહિત ભાજપના અનેક દિગ્ગજ નેતાઓની હાજરીએ અટકળોને વધુ બળ આપ્યું છે. જો કુંભાણી ભાજપમાં જોડાય તો સુરત અને અમરેલીના રાજકારણમાં નવા સમીકરણો ઊભા થશે.

# ઘેલાણી આત્મહત્યા કેસ, પૂનમ ભદોરિયાની જામીનઅરજી રદ

**આરોપીએ** સંબંધનો ઉપયોગ કરી એક્સ્ટોર્શન જેવું કૃત્ય કર્યું હતું, સેશન્સ કોર્ટે ફરિયાદ પક્ષની દલીલો માન્ય રાખી

### ઘેલાણીના આપઘાત પ્રકરણમાં મહેશ-મુકેશની ભૂમિકા નથી

સુરત : શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત પ્રકરણમાં ૩૦ કરોડનું સિન્થેટિક હીરાનું કનેક્શન તેમજ મહેશ અને મુકેશના નામો તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજના ગુજરાતમિત્રમાં સમાચારમાં છપાયા હતા તે શરતચૂક- ભૂલથી છપાયા હતા.

સુરતઃ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનેલાં બિલ્ડર તુષાર ઘેલાણી આત્મહત્યાની દુષ્પ્રેરણા કેસમાં સ્ત્રીમિત્ર પુનમ ભદોરીયાની જામીનઅરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે.

૧લી ફેબ્રુઆરી ૨૦૨૬ની રાત્રે જાણીતાં બિલ્ડર તુષાર ઘેલાણીએ પોતાના ઘરે લાયસન્સવાળી રિવોલ્વરથી માથામાં ગોળી ધરબી દીધી હતી. જેમનું સારવાર દરમિયાન ૫મી ફેબ્રુઆરીએ મુત્યુ થયું હતું. આ ચકચારી આત્મહત્યા કેસમાં દિકરી તન્વીએ પિતાની સ્ત્રી મિત્ર પુનમ ભદોરીયાની સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં આરોપી પુનમ વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યાં હતાં. આરોપી પુનમ ફરિયાદીનાં પિતાને બ્લેકમેલ કરી આર્થિક ગેરલાભ ઉઠાવતી હતી. દીકરીનાં લગ્નમાં આવી બદનામ કરવાની ધમકી આપતાં ફરિયાદીનાં પિતાએ આત્મહત્યા કરવી પડી હતી.

આ કેસમાં પોલીસે આરોપી પુનમની ધરપકડ કરી હતી. આરોપી પુનમે વકીલ વિનય શુક્લા મારફતે સેશન્સ કોર્ટમાં જામીનઅરજી રજૂ કરી હતી. જ્યારે સરકાર પક્ષે જામીનઅરજીના વિરુદ્ધમાં સોંગદનામું રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ મૂળ ફરિયાદ પક્ષે સીનિયર વકીલ કલ્પેશ દેસાઈએ એફિડેવિટ રજૂ કરી હતી. આ જામીનઅરજીની સુનાવણી દરમિયાન ડીજીપી નયન સુખડવાલાએ દલીલ કરી હતી કે આરોપીએ સંબંધનો ઉપયોગ કરી આર્થિક ગેરલાભ ઉઠાવી અલગ અલગ પ્રકારના દબાણો ઉભા કરી એક્સ્ટોર્શન રૂપી કૃત્ય કરી મરનાર પાસે અલગ અલગ પ્રોપર્ટીમાં ભાગીદારી કરાવી લીધી હતી. તેમજ પરિવારને પણ આર્થિક લાભ અપાવ્યો હોવા સહિતની દલીલો કરી જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી.

બંને પક્ષની દલીલો પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી પુનમ બ્રિજમોહનસીંગ ભદોરીયાની જામીનઅરજી ફગાવી દીધી હતી.

## આત્મહત્યા માટે દુષ્પ્રેરણાના ગંભીર આક્ષેપોની તપાસ ઊંડાણપૂર્વક થવી જરૂરી

**આરોપીને** જામીનમુક્ત કરવામાં આવે તો સાક્ષીઓને ધાકધમકી તેમજ નુકસાન પહોંચાડી શકે તેવા સંજોગો

**દીકરીનાં** લગ્ન પ્રસંગે પિતાનાં આત્મહત્યાના દુઃખદ બનાવથી ગુનાની ગંભીરતા વધી જાય

સુરતઃ એડી. સેશન્સ જજ દેવેન્દ્ર સુરેશભાઇ જોષીએ ચુકાદામાં નોંધ્યું હતું કે હાલ ગુનાની તપાસ ચાલુ હોય અરજદાર/આરોપી પક્ષે રજૂ કરાયેલા ચુકાદાનો લાભ મળી શકે તેમ નથી. કોઇપણ પિતા માટે દીકરીનાં લગ્ન ખૂબ જ મહત્વના ગણાય અને આ સમયે પિતાએ આત્મહત્યા કરી હોય તેવો દુઃખદ પ્રસંગ બને ત્યારે તેની અસર પરીવાર ઉપર કયા પ્રકારની થાય, તે ધ્યાને લેતાં ગુનાની ગંભીરતા વધી જતી હોય છે. એ હકીકત નિર્વિવાદીત છે કે, આરોપીની તરફેણમાં બે દુકાનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ટ્રાન્સફર થયેલ છે અને બ્લુ પેપીલોન સ્કૂલમાં પણ ૫૦ ટકાના નફા-નુકસાનમાં આરોપીની ભાગીદારી છે. તેમજ આરોપીએ ૦૭/૦૨/૨૦૨૬નાં રોજ પોલીસ કમિશનરને અપાયેલી અરજીમાં તપાસની માંગ કરવામાં આવી છે. આરોપી તરફેની દલીલમાં મરણજનાર ડાબા હાથે કામ કરનાર વ્યકિત હતા તો જમણા હાથેથી ફાયરીંગ કરી આત્મહત્યા કઇ રીત કરી શકે તેવી શંકા વ્યકત કરાઈ છે. અરજદાર/આરોપીનાં ખુદનાં જણાવ્યા મુજબ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ થવી જરૂરી છે. જ્યારે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનાં ગંભીર આક્ષેપો કરવામાં આવેલ હોય ત્યારે તે અંગેની સઘન તપાસ થવી જરૂરી છે.

### ભરથાણા ખાતે મળસકે કન્સલ્ટન્સી ઓફિસમાં ચોરી તસ્કરી

સુરતઃ ઘોડદોડ રોડ પર શિવાજી ગાર્ડન નજીક જમના નગર સોસાયટીમાં રહેતા જીત પરિમલભાઈ વૈદ્ય ભરથાણા વિસ્તારમાં આવેલા આઈટેક હાઉસ ખાતે "અનન્યા બ્રાન્ડ કન્સલ્ટન્સી" નામે ઓફિસ ચલાવે છે. ગત તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વહેલી સવારે આશરે ૫.૪૫થી ૬.30 વાગ્યાની વચ્ચે અજાણ્યા ઈસમે ઓફિસમાંથી કુલ અંદાજે રૂપિયા 2.64 લાખનો માલ ચોરી કરી લીધો હતો. આ મામલે અલથાણ પોલીસે ગુનો નોંધી અજાણ્યા ચોરની તપાસ હાથ ધરી છે.

### પ્રેમિકા અન્ય યુવક સાથે વાત કરતાં ઝઘડામાં પ્રેમીએ ફાંસો ખાધો

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલા મૂર્તિ આવાસમાં રહેતા 31 વર્ષીય મુકેશ બડેલાલ યાદવ રિક્ષા ડ્રાઇવિંગ કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. આજે સવારે મુકેશે ઘરે લોખંડના હુક સાથે પટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતક મુકેશને છેલ્લા ત્રણ વર્ષથી એક યુવતી સાથે પ્રેમસંબંધ હતો. પ્રેમિકાનું અન્ય યુવક સાથે વાત કરતી હોવાની મુકેશને જાણ થતા બંને વચ્ચે ઝઘડો થયો હતો. બાદમાં મુકેશે અંતિમ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

### ચેક રિટર્ન કેસમાં મહિલાને એક વર્ષની સજા

સુરતઃ ડુંભાલ નિલકંઠ હાઇટ્સમાં રહેતાં અને બાલાજી યાર્ન્સના માલિક સત્યનારાયણ તારાચંદ અગ્રવાલ પાસેથી જુલાઇ-૨૦૧૯માં દિશાબેન અલ્પેશકુમાર જરીવાલા અને પતિ અલ્પેશકુમાર જરીવાલાએ યાર્નના માલની ખરીદી કરી હતી. જેનાં બાકી પેમેન્ટ પેટે દિશાબેન અલ્પેશકુમાર જરીવાલાએ રૂ.૩,૧૮,૯૧૬ની રકમનો ચેક આપ્યો હતો. આ ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ નિમેષ દલાલ મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી દિશાબેન જરીવાલાને તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રૂ.૩,૧૮,૯૧૬ ની રકમ ફરિયાદીને ૩૦ દિવસમાં વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

### રાજેશ દેસાઈની ડાંગના પ્રભારી તરીકે હેટ્રિક

સુરતઃ સુરત મનપાના પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેન રાજેશ દેસાઈએ સંગઠન સ્તરે પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. ભાજપે તેમને સતત ત્રીજી વખત ડાંગ જિલ્લાના પ્રભારી તરીકે રિપીટ કરવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતમાં રાજેશ દેસાઈ એકમાત્ર એવા નેતા છે જેમને જૂના જિલ્લામાં જ ફરીથી પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હોય.

# મનપાની ત્રણ સિક્યુરિટી એજન્સીને હાઈકોર્ટના એડ્વોકેટની ક્લીન ચીટ

**લાંબા** સમયથી અટવાયેલો ઇજારો આપવાનો રસ્તો મોકળો થયો

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ મિલકતો અને અસ્કયામતોની સુરક્ષા માટે હાથ ધરાયેલી સિક્યુરિટી સર્વિસ કોન્ટ્રાક્ટની દરખાસ્તને લઈને લાંબા સમયથી ચાલતી ખેંચતાણ હવે અંતિમ તબક્કે પહોંચી છે. આશરે 10 માસથી પેન્ડિંગ રહેલી આ દરખાસ્ત અંગે આગામી સ્થાયી સમિતિની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

મૂળ ટેન્ડર પ્રક્રિયામાં કુલ 22 એજન્સીમાંથી 9 એજન્સી ક્વોલિફાઇડ જાહેર થઈ હતી. પ્રાઇઝ બિડ ખુલ્યા બાદ ચાર એજન્સીઓ- એમ.કે. સિક્યુરિટીઝ, શક્તિ પ્રોટેકશન ફોર્સ, શક્તિ સિક્યુરિટી અને શિવ સિક્યુરિટી સર્વિસ દ્વારા રજૂ કરાયેલા લેબર લાઇસન્સની વેલિડિટી મુદ્દે ફરિયાદ ઊઠી હતી. ફરિયાદને આધારે વોચ એન્ડ વોર્ડ વિભાગે લેબર કમિશનર, સુરતને ચકાસણી માટે પત્ર લખ્યો હતો. તપાસ બાદ ચારેય એજન્સીઓના લાઇસન્સ રદ કરવામાં આવ્યા અને તેમને ડિસ્ક્વોલિફાઇડ જાહેર કરવામાં આવી હતી. તે બાદ મે-2025માં બાકી રહેલી પાંચ એજન્સી વચ્ચે 10 ઝોનમાં કામ ફાળવવાની દરખાસ્ત રજૂ થઈ હતી, પરંતુ ત્રણ એજન્સીઓ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરાતા સ્થાયી સમિતિએ નિર્ણય પર બ્રેક મારી હતી.

આ દરમિયાન ચારેય એજન્સીઓએ શ્રમ નિયામક, ગાંધીનગર સમક્ષ અપીલ કરી હતી. શ્રમ નિયામકે લેબર કમિશનર, સુરતના લાઈસન્સ રદ કરવાના નિર્ણયને રદ કર્યો હતો. વિભાગે શિવ સિક્યુરીટીને વિભાગીય સ્તરે ક્લિન ચીટ આપી હતી. બાકીની ત્રણ એજન્સીઓ અંગે મનપાએ હાઈકોર્ટના એડવોકેટનો અભિપ્રાય મેળવ્યો હતો. એડવોકેટે ત્રણેય એજન્સીને ટેન્ડર પ્રક્રિયામાં સમાવેશ કરવા યોગ્ય ગણાવ્યા છે.

આ પરિસ્થિતિમાં વિભાગે ચારેય એજન્સીઓને ફરી ક્વોલિફાઇડ જાહેર કરવાની ભલામણ સાથે સમાંતર બે દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ મૂકી છે. હવે સમિતિના નિર્ણય પર સમગ્ર ટેન્ડર પ્રક્રિયાનું ભવિષ્ય નિર્ભર છે.

### પોલીસ પર પથ્થરમારાના કેસમાં આરોપીઓને નિર્દોષ છોડી મુકાયા

સુરતઃ ૨૪ જૂન ૨૦૦૮ના રોજ અઠવાલાઈન્સ અને ઉમરા પોલીસે જનતા માર્કેટમાં દરોડા પાડ્યાં હતાં. પોલીસને બાતમી મળી હતી કે અહીં બિલ વગરના મોબાઈલ ફોનનું વેચાણ થાય છે. પોલીસે વેપારીઓ પાસે બિલની માંગણી કરી ત્યારે મામલો બિચક્યો હતો. ટોળાએ પોલીસ કાર્યવાહીમાં અવરોધ ઊભો કરી પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. પોલીસે તોફાન મચાવનારા સામે રાયોટીંગ સહિત કલમો અન્વયે ગુનો નોંધી ૨૪ની ધરપકડ કરી હતી. આ કેસની સુનાવણી ટ્રાયલ કોર્ટમાં ચાલી હતી. આ કેસમાં ચાર આરોપીની સામેનો કેસ એબેટ કરાયો હતો. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં ટ્રાયલ કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

### કાપોદ્રામાં પરિણીતાની આત્મહત્યામાં પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો

સુરતઃ મૂળ અમરેલીના અને હાલ કાપોદ્રા વિસ્તારમાં કારગીલ ચોક પાસે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા પ્રદીપભાઈ નારણભાઈ દાખડાના લગ્ન રતનબેન સાથે થયા હતા. પરિવારજનોના આક્ષેપ મુજબ લગ્ન બાદથી જ પ્રદીપભાઈ રતનબેન સાથે અવારનવાર ઝઘડો કરતા હતા. નાની નાની બાબતોમાં ગાળો આપવી, અપમાનજનક શબ્દો બોલવા અને માનસિક દબાણ ઊભું કરવાનું વર્તન સતત ચાલતું હતું. આખરે ત્રાસ અસહ્ય બનતા રતનબેને પોતાના ઘરે જ અનાજમાં નાખવાની ઝેરી દવા ગટગટાવી આપઘધાત કરી લીધો હતો. મૃતક રતનબેનની બહેને સમગ્ર હકીકત રજૂ કરતાં કાપોદ્રા પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે પ્રદીપભાઈ દાખડા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# 'હું તમને શાંતિથી રહેવા નહીં દઉં, મારી પહોંચ ઉપર સુધી છે'

**ચિરાગ** ગોટીની વધુ એક કરતૂત બહાર આવી, કાપોદ્રાની સોસાયટીનો કોમન પ્લોટ પચાવવા પ્રમુખને જાનથી મારવા ધમકી આપી હતી

સુરતઃ કાપોદ્રા સ્થિત આનંદ વિહાર સોસાયટીના કોમન પ્લોટ અને મિલકતો પચાવી પાડવાના બદઈરાદે કુખ્યાત ચિરાગ ગોટીએ સોસાયટીના પ્રમુખને ડરાવી-ધમકાવી, ખોટા કેસોમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ સામે આવી છે.

મળતી વિગતો અનુસાર, કાપોદ્રાની આનંદ વિહાર સોસાયટીના પ્રમુખ કાનજીભાઈ નાજાભાઈ ભરવાડ, જેઓ કાજુનો હોલસેલ વેપાર કરે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ સોસાયટીની જમીન વર્ષો પહેલા તેમના વડીલોએ બચુભાઈ બેચરભાઈ પટેલ પાસેથી ખરીદી હતી. જો કે, સરકારી રેકર્ડ પર હજુ પણ નામ ચાલતું હોવાનો ગેરફાયદો ઉઠાવી બચુભાઈના વારસદારો અવારનવાર લેન્ડ ગ્રેબિંગની ખોટી અરજીઓ કરી પ્લોટ ખાલી કરાવવા દબાણ કરતા હતા. જુલાઈ ૨૦૨૩ દરમિયાન નવીન બચુભાઈ પટેલ, ચિરાગ રમેશ પટેલ અને કુખ્યાત ચિરાગ ઘનશ્યામ ગોટીએ મેળાપીપણું કરી જમીન ખાલી કરાવવા ધાક-ધમકીનો સહારો લીધો હતો. ચિરાગ ગોટીએ કાનજીભાઈને ધમકાવતા કહ્યું હતું કે, હું તમને અહીં શાંતિથી રહેવા નહીં દઉં, મારી પહોંચ ઉપર સુધી છે.

આ મામલે સમાધાન અથવા સ્પષ્ટતા માટે કાનજીભાઈએ ચિરાગને વોટ્સએપ કોલ કરતા તેને હીરાબાગ પાસેની શ્રદ્ધા રેસ્ટોરન્ટ ખાતે મળવા બોલાવાયા હતા. સોસાયટીના અન્ય સભ્યો સાથે ત્યાં પહોંચેલા કાનજીભાઈને આરોપીઓએ જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે સમયે વડીલોની સલાહ અને ડરને કારણે ફરિયાદ ટાળવામાં આવી હતી. તાજેતરમાં ચિરાગ ગોટી વિરુદ્ધ અન્ય પોલીસ મથકોમાં પણ ફરિયાદો નોંધાતા કાનજીભાઈએ હિંમત ભેગી કરી પોલીસનો સંપર્ક કર્યો હતો. અશ્વિનીકુમાર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગૂગલ પરથી ટૂર બુક કરાવવાનું ભારે પડ્યું

સુરતઃ વેસુ મહારાણા પ્રતાપ રોડ પર શિલ્પ રેસીડેન્સીમાં રહેતા એકાઉન્ટન્ટ ભાવીનભાઈ નવીનચંદ્ર શાહે તેમની પત્ની ઉર્વશીબેન સાથે 9 ઓક્ટોબર, 2025ના રોજ મોબાઈલ પર થાઈલેન્ડ ટૂર માટે ગુગલ સર્ચ કર્યું હતું. સર્ચ દરમિયાન "યશ ટૂર એન્ડ ટ્રાવેલ્સ પ્રા. લી." નામની વેબસાઈટ ખુલતા સંપર્ક સાધ્યો હતો. સંપર્ક દરમિયાન સામેના વ્યક્તિએ થાઈલેન્ડ ટૂર પેકેજ અંગે વિગતવાર માહિતી આપી, હવાઈ ટિકિટ, હોટલ બુકિંગ અને થાઈ બાથની વ્યવસ્થા સહિત રૂ.1,66,500 ખર્ચ જણાવાયો હતો. ભાવીનભાઈએ રકમ ગુગલ પે મારફતે ટ્રાન્સફર કરી દીધી હતી. નિર્ધારિત સમય બાદ કોઈ વ્યક્તિ ન આવતા અને એરલાઈન સાથે ઈન્ક્વાયરી કરતાં જાણવા મળ્યું કે તેમની ફ્લાઈટ ટિકિટ કેન્સલ થઈ ગઈ છે. આથી ભાવીનભાઈએ સંબંધિત નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, તો શરૂઆતમાં પૈસા પરત કરવાની વાત કરવામાં આવી, પરંતુ ત્યારબાદ ફોન ઉપાડવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. આ ઘટનાથી દંપતીને પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં ગત રોજ વેસુ પોલીસમથકે ઉર્વશીબેનની ફરિયાદના આધારે ગુનો નોંધાયો છે.

# વર્ક વિઝાના નામે રૂ.14.50 લાખ પડાવી ટોળકી ફરાર

**સરથાણાના** વેપારી પાસેથી પૈસા પડાવનાર ત્રણ સામે ગુનો, એક આરોપી ઉઠમણું કરી દુબઈ ભાગ્યાની ચર્ચા

સુરતઃ સરથાણા જકાતનાકા વિસ્તારમાં રહેતા યુવા વેપારીને ફિનલેન્ડના વર્ક વિઝા અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લેનાર ત્રણ સામે ગુનો નોંધાયો હતો.

માહિતી મુજબ અવધ વાઈસરોય પાછળ શાંતિનગર સોસાયટીમાં રહેતા અને મોટા વરાછામાં ઓફિસ ધરાવી ઓનલાઈન વ્યવસાય કરતાં ફેનીલ ભનુભાઈ સુહાગીયા (ઉ.વ.૩૦)એ પોતાના ગ્રાહક માટે ફિનલેન્ડનો વર્ક વિઝા તૈયાર કરાવવાનું કામ અંકિત પટેલને સોંપ્યું હતું. અંકિતે શુભમ પ્રફુલ રોકડ (રહે., આદર્શ સોસાયટી, શ્યામધામ મંદિર પાસે, સરથાણા) તથા ભવ્ય કમલેશ પટેલ (રહે., રેણુકા ભવન, બોમ્બે માર્કેટ રોડ)નો પરિચય આપ્યો હતો. ત્રણેય ફેનીલ પાસેથી કતારગામ સ્થિત એવલોન બિલ્ડિંગમાં આવેલી "બ્રાન્ડ ઓનેસ્ટ" મોબાઈલ દુકાન મારફતે રૂ. ૮ લાખ ઉઘરાવ્યા હતા. બાદમાં તપાસ કરતાં માલુમ પડ્યું કે આરોપીઓ વિઝાના નામે રકમ લઈ ગાયબ થઈ ગયા છે. ફેનીલે અન્ય ગ્રાહકના યુકે વિઝા માટે પણ રૂ. ૬.૫૦ લાખ આપ્યા હતા. આમ કુલ રૂ. ૧૪.૫૦ લાખની રકમ ટોળકી પાસે ગઈ હોવાનું બહાર આવ્યું છે. સૂત્રો મુજબ શુભમ રોકડ વિરુદ્ધ અગાઉ પણ ગુનાઓ નોંધાયેલા છે અને તે ઉઠામણું કરી દુબઈ ભાગી ગયાની ચર્ચા છે.

# રાજસ્થાન યુવા સંઘના અધ્યક્ષનું હાર્ટ એટેકથી મોત

**ત્રણ** દિવસ પહેલા ફાગણ ઉત્સવ ઉજવ્યો ત્યારે જ વિક્રમસિંહની તબિયત નાજૂક લાગતી હતી, પરંતુ સારવાર લીધી નહીં



**સી.આર.પાટીલ સહિતના હજારો લોકો દોડી આવ્યા**

વિક્રમસિંહના અવસાનના સમાચાર મળતાની સાથે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, સમાજના અગ્રણીઓ, ઉદ્યોગપતિ સહિતના હજારો લોકો નવી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

સુરતઃ રાજસ્થાન યુવા સંઘના અધ્યક્ષ તેમજ કાપડ ઉદ્યોગના જાણીતા વેપારી વિક્રમસિંહ શેખાવત (ઉં.વ.42)નું મંગળવારે બપોરે હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યું હતું. વિક્રમસિંહે ગોડાદરા ખાતે ત્રણ દિવસ માટે ફાગણ ઉત્સવનું આયોજન કર્યું હતું. દરમિયાન તેમની તબિયત નાજૂક લાગતી હતી. પરંતુ કાર્યકર્તાઓનો મનોબળ નહીં તૂટે એ માટે તેઓએ કોઈને કહ્યું ન હતું અને સારવાર પણ લીધી ન હતી. તેઓનાં મોત બાદ રાજસ્થાની સમાજ સહિતના લોકોમાં શોકનો માહોલ સર્જાયો હતો. મૃતદેહને ડેડ બોડી ટ્રાન્સપોર્ટેશન કરતી સંસ્થા પિક્સીના ડો.વિનેશ શાહ એમ્બાલમિંગ તથા કોફિન પેકિંગ સહિતની અન્ય કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરી વિમાન મારફતે દિલ્હી મોકલાયો હતો. મૃતદેહ પર એમ્બાલમિંગ પ્રક્રિયા કરાઈ હતી.

**બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ચૂંટણી ૨૦૨૬**

# વકીલ હિત અને પારદર્શિતાને કેન્દ્રમાં રાખી ટર્મિશ કણીયાનો મેનિફેસ્ટો જાહેર

**કોર્ટ** ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનરોલમેન્ટ ફી, નોટરી પ્રક્રિયા અને વકીલ સહાય પર કેન્દ્રિત અભિગમ

### એનરોલમેન્ટ ફી અને નવા વકીલો માટે સહાય

હાઈકોર્ટના ચુકાદા મુજબ એનરોલમેન્ટ ફી રૂ. ૭૫૦ જ રહે તે માટે પ્રયત્ન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નવા વકીલો પર આર્થિક ભાર ન પડે તે માટે પગલાં લેવાની વાત સાથે સુરત ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનમાં નોંધાયેલા નવા વકીલોને કોર્ટ માટે કોટ-પેન્ટના કાપડ તથા જરૂરી કાયદાની પુસ્તકો વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના ચાલુ રાખવાનો ઉલ્લેખ છે.

### નોટરી અને ઈ-સ્ટેમ્પિંગ પ્રક્રિયા સરળ બનાવવાની દિશામાં પ્રયત્ન

સમગ્ર ગુજરાતમાં નોટરી નિમણૂંક, ઈ-સ્ટેમ્પિંગ લાયસન્સ અને રિન્યુઅલ પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને તે માટે બાર કાઉન્સિલ સ્તરે રજૂઆતો કરવાની વાત કરવામાં આવી છે. સાથે જ BCGની સેવાઓને ઓનલાઈન અને પેપરલેસ બનાવવાની દિશામાં પ્રયત્ન કરવાની જાહેરાત છે.

### સેમિનાર, હેલ્પડેસ્ક અને વેલફેર ફંડ

મેનિફેસ્ટોમાં જણાવાયું છે કે ૨૦૨૨માં વકીલોના હિત માટે સેમિનાર યોજવા રૂ. ૫ લાખની રકમ ફાળવવામાં આવી હતી, જે હાલ SDBAના ખાતામાં જમા છે. વકીલોને ત્રણ મેજર એક્ટ્સની પુસ્તકો પૂરી પાડવા, એડવોકેટ હેલ્પડેસ્ક મારફતે પ્રશ્નોનું નિરાકરણ કરવા અને BCGમાંથી મળતી TA/DA રકમ વેલફેર ફંડમાં જમા કરાવવાની વાત પણ સમાવેશ પામી છે.

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત આવનારી ચૂંટણીને લઇ રાજ્યભરમાં વકીલવર્ગમાં ચહલપહલ જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ વચ્ચે ઉમેદવાર ટર્મિશ કણીયાએ પોતાનું મેનિફેસ્ટો જાહેર કર્યું છે. વિકાસ, વેલફેર અને પારદર્શિતાના મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને તેમણે અભિયાન તેજ બનાવ્યું છે અને પ્રેફરન્શિયલ મત ક્રમાંક-૪૧ને પ્રથમ પસંદગી આપવા અપીલ કરી છે.

મેનિફેસ્ટો મુજબ વધતા કેસલોડ અને વકીલોની સંખ્યાને ધ્યાનમાં રાખી વધુ કોર્ટરૂમ, સુવિધાજનક બેસવાની વ્યવસ્થા અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવાની દિશામાં પ્રયત્ન કરાશે. વકીલોના હિત સંરક્ષણ મુદ્દે "એડવોકેટ પ્રોટેક્શન એક્ટ"ના અસરકારક અમલ માટે બાર કાઉન્સિલ સ્તરે રજૂઆત કરવામાં આવશે. સાથે જ વકીલોના આરોગ્ય અને કલ્યાણને ધ્યાનમાં રાખીને જિલ્લા અને તાલુકા સ્તરે ગંભીર બીમારીઓ દરમિયાન વેલફેર ફંડની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે યોજના ઘડવાની વાત કરવામાં આવી છે. ૬૫ વર્ષની ઉંમર બાદ સ્વૈચ્છિક નિવૃત્તિનો વિકલ્પ, હયાતીમાં તથા અવસાન બાદ સહાયની વ્યવસ્થા અને સુરતમાં "સુરત ડિસ્ટ્રિક્ટ એડવોકેટ વેલફેર એસોસિએશન" રચવાનો પ્રયોગાત્મક પ્રસ્તાવ પણ મેનિફેસ્ટોમાં સામેલ છે. તાત્કાલિક આર્થિક સહાય સુરત સ્તરે જ ઉપલબ્ધ થાય તે માટે વ્યવસ્થા મજબૂત કરવાની વાત કરવામાં આવી છે. ચૂંટણી પૂર્વે વિવિધ ઉમેદવારો દ્વારા મેનિફેસ્ટો જાહેર થવા સાથે બાર કાઉન્સિલની ચૂંટણી હવે રસપ્રદ તબક્કામાં પ્રવેશી છે.